**Sandesh**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 02

# વિલથી ખેડૂત બનેલા માલેતુજારો બાબતે મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલનું મૌન

- પત્રકારોએ સવાલો પૂછતા આનંદીબેને બે હાથ જોડી ચાલતી પકડી
- કલેકટર કચેરી ધારાસભા હોલ ખાતે મહેસૂલી અધિકારીઓ સાથે ત્રણ કલાક સમીક્ષા બેઠક

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા.૧૪

વડોદરા જિલ્લા કલેકટર દ્વારા છેલ્લા એક માસથી વિલથી ખેડૂત બનેલા માલેતુજારો પર તવાઇ લાવવામાં આવી છે. ત્યારે આજે એક કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન પ્રસંગમાં હાજરી આપવા શહેરના મહેમાન બનેલાં મહેસૂલ મંત્રી દ્વારા વિલથી ખેડૂત થયેલા માલેતુજારો તેમજ કલેકટરની કામગીરી બાબતે મૌન સેવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, કલેકટર કચેરીમાં આવેલા ધારાસભા હોલમાં મહેસૂલ મંત્રી દ્વારા કલેકટર સહિતના તમામ મહેસૂલી અધિકારીઓ સાથે ત્રણ કલાક સમીક્ષા બેઠક યોજી હતી.જિલ્લા કલેકટર દ્વારા મહેસૂલ વિભાગને ફાયદો કરાવતા નિર્ણયો તાજેતરમાં છેલ્લા એક માસમાં લેવામાં આવ્યા છે. જે નિર્ણયોથી રાજ્ય સરકારને થયેલી અંદાજે રૂ. ૫૦૦ કરોડ જેટલી ખોટ ભરપાઇ થઇ શકે તેવી શક્યતાઓ છે. મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ દ્વારા મહેસૂલ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે સમીક્ષા બેઠકના આયોજન કરવા માટે જિલ્લા કલેકટરને સૂચના આપવામાં આવી હતી.મહેસૂલ મંત્રીની સૂચના અનુસાર આજે બપોરે ત્રણ કલાકે કલેકટર કચેરીના ધારાસભા હોલમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત ત્રણ કલાક ચાલેલી સમીક્ષા બેઠકમાં કલેકટર કચેરી મહેસૂલ વિભાગ, વુડા, ડુડા તેમજ કોર્પોરેશનનો અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. જે સમીક્ષા બાબતે આનંદીબેન પટેલને પૂછતા તેમણે તેમને કોઇ પણ જવાબ આપવાનું ટાળ્યું હતું. તેમજ સવારે એક કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન બાદ પણ તેમણે વિલથી ખેડૂત થયેલા માલેતુજારો બાબતે તેમજ કલેકટર દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે કંઇ પણ કહેવાના સ્થાને બે હાથ જોડી ચાલતી પકડી હતી.મહેસૂલ મંત્રી આનંદીબેન દ્વારા વિલથી ખેડૂત બનેલા માલેતુજારો તેમજ જિલ્લા કલેકટરની કામગીરીની બાબતે મૌન સેવતા અનેક સવાલો ઊભા થયા છે. ત્યારે કલેકટર કચેરીમાં ચાલતી ચર્ચા અનુસાર સમીક્ષા બેઠકમાં પણ મહેસૂલી અધિકારીઓનો ઉધડો લેનાર મહેસૂલ મંત્રી દ્વારા કયા કારણોસર કલેકટરની કામગીરી બાબતે થતા સવાલો ટાળવા પાછળના કારણો કંઇક અલગ જ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## આનંદીબેનની કલેકટર અને ડીએસપી સાથે બંધ બારણે બેઠક

**એક કલાક ચાલેલી બેઠકમાં સંજુ ભારંભે કેસ કડક કરવાની કે ઢીલો કરવાની વાત થઈ તેની ચોમેર ચર્ચા**

મહેસુલ મંત્રી આનંદીબેન પટેલે કલેકટર કચેરીમાં મહેસુલ વિભાગના અધિકારીઓ સાથે કરેલી સમીક્ષા બેઠક બાદ જિલ્લા કલેકટરના કક્ષમાં કલેકટર વિનોદ રાવ અને ડીએસપી સંદિપ સિંગ સાથે એક કલાક બંધ બારણે બેઠક કરવામાં આવી હતી. કલેકટર અને ડીએસપી સાથે બેઠક થતા આનંદીબેન દ્વારા સંજુ ભારંભે કેસમાં વિગતો મેળવવામાં આવી હોવાની ચર્ચાએ કચેરીમાં જોર પકડયું છે. ત્યારે કેસને કઇ દિશામાં લઇ જવાના નિર્દેશ આપવામાં આવ્યા છે, તેની ચર્ચા મોખરે રહી હતી. જે બેઠક બાદ સાંજે ૬ કલાકે તેઓએ કલેકટર કક્ષમાં કલેકટર વિનોદ રાવ તેમજ ડીએસપી સંદિપ સિંગ સાથે બંધ બારણે બેઠક કરી હતી. જે બેઠકમાં સંજીવ ઉર્ફે સંજુ ભારંભે કેસ બાબતે ચર્ચા કરવામાં આવી હોવાની ચર્ચાએ કલેકટર કચેરીમાં જોર પકડયું છે. ત્યારે બેજી તરફ શહેરમાં આનંદીબેન દ્વારા વિલથી ખેડૂત થયેલા માલેતુજારો બાબતે પણ ચર્ચા કરી નિર્દેશ આપવામાં આવ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે.આનંદીબેને કલેકટર વિનોદ રાવ તેમજ ડીએસપી સંદિપ સિંગ સાથે સંજુ ભારંભે કેસમાં કરવામાં આવેલી ચર્ચા બાદ કેસને કઇ દિશામાં લઇ જવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. તે વિષે કલેકટર કચેરી સહિત સમગ્ર શહેરમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે સંજુ કેસમાં નરમ વલણ કે પછી કડક વલણ અપનાવવા માટે નિર્દેશ કરવામાં આવ્યા છે. તે તો આવનારા દિવસોમાં પોલીસ તેમજ કલેકટર દ્વારા કરવામાં આવેલી કામગીરી પરથી જ જાણી શકાશે.